–:: પ્રેસ–નોટ ::–

**" નવસારી જિલ્લામાં ૧લી એપ્રિલથી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો અમલી"**

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ આગામી ૧લી એપ્રિલ ૨૦૧૬થી આખા રાજયમાં લાગુ પડવા જઈ રહયો છે. ત્યારે એના વિશે ખરેખર શી હકીકત છે અને નવસારી જિલ્લાના જન સામાન્યને તે કઈ રીતે ફાયદાકારક બની રહેશે તે જાણવું હાલના તબકકે રસપ્રદ બની રહે છે.

અમલી બનનાર આ કાયદાની મુખ્ય જોગવાઈ ધ્યાને લેતાં, રાજયમાં આવેલ તમામ જરૂરીયાતમંદ પરિવારોને રાહત દરે સરળતાથી ખાવાનું અનાજ ઉપલબ્ધ કરાવવાનો મુખ્ય આશય છે. અને તે માટે આપણાં રાજયમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી આધારિત ૨૦૧૩ની સામાજિક આર્થિક મોજણી દ્વારા એકત્રિત થયેલ માહિતીનો ઉપયોગ કરી નીચે મુજબના માપદંડો ધ્યાને લઈ લાભાર્થી નકકી કરવામાં આવેલ છે.

- જેમાં શહેરી વિસ્તારમાં મુખ્યત્વે ત્રણ બાબતો (૧) આવાસીય અસુરક્ષિતતા એટલે કે, પોતાનું મકાન ન હોવું અથવા કાચુ મકાન હોવું (૨) વ્યવસાયિક અસુરક્ષિતતા એટલે કે, છુટક મજુરી કરનાર અથવા તો સફાઈ કામદાર તરીકેની નોકરી ધરાવતાં (૩) સામાજિક અસુરક્ષિતતા – મતલબ પરિવારમાં ૧૮ થી ૬૦ના વયજુથમાં કોઈપણ વ્યકિત કમાનાર ન હોય કે ગંભીર રીતે બીમાર કે અશકત હોય અથવા પરિવારના તમામ સભ્યો ૬૫ વર્ષ ઉપરના હોય.
- ગ્રામ્ય વિસ્તારમાં (૧) પરિવાર ૦૩ કે ૦૪ પૈડાનું યાંત્રિક વાહન ધરાવતું ન હોય, (૨) પરિવારનો કોઈ સભ્ય સરકારી નોકરી ધરાવતો ન હોય, (૩) પરિવારના કોઈપણ સભ્યની માસીક આવક રૂા.૧૦,૦૦૦/– કે તેથી વધુ ન હોય (૪) કોઈ સભ્ય આવકવેરો કે વ્યવસાયવેરો ભરતો ન હોય, (૫) પરિવાર ૦૫ એકર (પિયત) કે ૭.૫ એકર (બિન પિયત) જમીન કરતાં વધુ જમીન ધરાવતો ન હોય, (૫) પરિવારમાં પુખ્ત વયના તમામ સભ્યો ગંભીર રીતે બિમાર કે અશકત હોય અથવા પરિવારના તમામ સભ્યો ૬૫ વર્ષ ઉપરના હોય.

ઉકત માપદંડો અનુસારના લાભાર્થી કુટુંબોને કાયદા મુજબ **"અગ્રતા ધરાવતાં કુટુંબો"** તરીકે ઓળખવામાં આવશે. આમ, અત્યાર સુધી રેશનકાર્ડ ધારકોને અંત્યોદય, બીપીએલ, એપીએલ–૧ અને એપીએલ–૨ એમ જે જુદી જુદી ચાર કેટેગરીમાં વિભાજીત કરવામાં આવેલ હતાં તેના બદલે હવે આ કાયદા અનુસાર રેશનકાર્ડ ધારકોની માત્ર બે જ કેટેગરી રહેશે **"અગ્રતા ધરાવતાં કુટુંબો"** અને **"સામાન્ય કુટુંબો"**.

હાલની પરિસ્થિતિ મુજબ તમામ અંત્યોદય કાર્ડ ધારકોને સીધે–સીધા લાભાર્થી તરીકે સમાવવામાં આવેલ છે. જયારે બી.પી.એલ. લાભાર્થીઓ પૈકી કેટલાંક લાભાર્થીઓ ઉકત માપદંડોમાં બેસતા નથી તેઓને બાકાત કરવા ઉપરાંત એ.પી.એલ. કેટેગરીના કેટલાંક નવા લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવનાર છે.

સમગ્ર નવસારી જિલ્લાની વાત કરીએ તો અગાઉ માત્ર અંત્યોદય અને બીપીએલ કાર્ડ ધારકોને જ રાહત દરે અનાજ આપવામાં આવતું હતું અને તે મુજબ ૧.૪૧ લાખ લાભાર્થીઓ પાત્રતા ધરાવતાં હતા. જેની સામે હાલમાં તૈયાર થયેલ યાદી મુજબ ૧.૭૯ લાખ જેટલા લાભાર્થીઓને લાભ મળવાપાત્ર બને છે. આમ, લગભગ જિલ્લામાં ૩૮ હજાર જેટલા લાભાર્થીઓનો વધારો થવા જઈ રહેલ છે. બીજી રીતે જોવામાં આવે તો કુલ ૨.૫૧ લાખ રેશનકાર્ડ ધારકો પૈકી ૧.૭૯ લાખ રેશનકાર્ડ ધારકો એટલે કે ૭૧% અને વસ્તીની દૃષ્ટિએ ૧૩ લાખ જેટલી જનસંખ્યા સામે ૯.૬૦ લાખ એટલે કે લગભગ ૭૪ % જનસંખ્યાને આ લાભ મળનાર છે.

વધુમાં, હાલમાં અંત્યોદય કાર્ડધારકોને પ્રતિ માસ ૩૫ કિ.ગ્રા. અને બીપીએલ પરિવારોને વધુમાં વધુ ૧૬ કિ.ગ્રા. અનાજ આપવામાં આવે છે. જયારે હવેથી આ કાયદાના અમલ બાદ અંત્યોદય કાર્ડ ઉપર અગાઉની જેમ ૩૫ કિ.ગ્રા. તથા અન્ય લાભાર્થી પરિવારોને પ્રતિ વ્યકિત ૫.૦૦ કિ.ગ્રા.ના ધોરણે રાહતદરે અનાજ મળશે. એ રીતે જોવામાં આવે તો ચાર વ્યકિત ધરાવતું પરિવાર ૨૦ કિ.ગ્રા. અને તે રીતે વધુ જનસંખ્યા હોયતો વધુ અનાજ મેળવવા હકદાર બનશે. આ કાયદો માત્ર ખાદ્ય અનાજને લગતો હોઈ, કેરોસીન અને ખાંડ બાબતે અગાઉના નિયત ધોરણે મળતો લાભ ચાલુ રહેશે.

હાલમાં કાયદાની અમલવારી માટેની અંતિમ તબકકાની કામગીરી ચાલી રહેલ છે. જેમાં આવા લાભાર્થીઓના કાર્ડમાં "અગ્રતા ધરાવતાં કુટુંબ" તરીકેનું સ્ટેમ્પિંગ કરવું આવશ્યક હોય, આવા કાર્ડની યાદી તમામ દુકાનદારને ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેથી સ્ટેમ્પિંગ માટે પોતાનું કાર્ડ દુકાનદારને રજુ કરી જરૂરી સહકાર આપવા કાર્ડ ધારકોને અનુરોધ કરવામાં આવે છે.